જિંદગી મારી પણ હતી, સુરતી માંજા જેવી.
સ્વાર્થી લોકો મળતા ગયા અને ગાંઠો વધતી ગઇ!



VIPUL M DESAI - http://suratiundhiyu.wordpress.com/

શઠ સેવક, કૃપણ રાજા, દુષ્ટ સ્ત્રી, કપટી મિત્ર આ ચાર શૂળી સમાન છે



જેની પાસે ઓછું હોય તેને તો કોઈપણ સુખી કરી શકે છે,
પણ જેને ઓછું જ લાગતું હોય,
એને તો પરમાત્મા પણ સુખી કરી શકતા નથી!



હે જીવ! બીજાના દુઃખો દૂર કર અને પોતાના દોષો દૂર કર
–ભગવાન મહાવીર સ્વામી



VIPUL M DESAI - http://suratiundhiyu.wordpress.com/

બહારનું દેખાતું જગત મનનો વિલાસ માત્ર છે.
એ એક ભ્રમ છે, કારણકે જે બધું દેખાય છે તે નાશ પામે છે.



VIPUL M DESAI - http://suratiundhiyu.wordpress.com/

ચિંતા એટલે મુશીબતોની થાપણ પાકે
તે પહેલા તેની ઉપર ચૂકવેલું વ્યાજ



VIPUL M DESAI - http://suratiundhiyu.wordpress.com/

જ્યારે આંધી આવે છે, ત્યારે જે ઝૂકી જાય છે,
તે બચી જાય છે, અને જે ઝૂકતાં નથી અને અક્કડ રહે છે
તે મૂળ સમેત ઉખડી જાય છે



માણસને એકલતાની પીડાથી મુક્ત થવું હોય
તો પોતીકા જ નહીં પરંતુ પારકા પ્રત્યે પણ
સંવેદના દાખવવા સમય કાઢવો પડે છે



VIPUL M DESAI - http://suratiundhiyu.wordpress.com/

દરેક કામમાં જોખમ હોય છે
પરંતુ કશું નહિ કરવામાં સૌથી મોટું જોખમ છે



કોઈ મનુષ્ય બીજાને ઓછો કે વધારે પ્રેમ નથી કરતો.
માત્ર આપણી અપેક્ષાઓ દરેક પ્રત્યે વધારે હોય છે



VIPUL M DESAI - http://suratiundhiyu.wordpress.com/

સામાન્ય રીતે માણસ જે જગ્યાએ છેતરાયો હોય
ત્યાં ફરી વખત જતો નથી,
છતાં બધા માણસો સાસરે વારંવાર જતા હોય છે!



VIPUL M DESAI - http://suratiundhiyu.wordpress.com/

અનામી જન્મ્યા અને નનામીમાં જવાના છે
તો પછી નામનો આટલો બધો મોહ શા માટે?



VIPUL M DESAI - http://suratiundhiyu.wordpress.com/

# સંતાકૂકડીમાં નહીં જડતો જણ એટલે ભગવાન..!!



VIPUL M DESAI - http://suratiundhiyu.wordpress.com/

તમે કેટલા સુંદર કે કેટલા ગુણીયલ છો
તેના પર તમારું મુલ્યાંકન નથી થતું.
તમારું ખરું મુલ્યાંકન તો તમારું નામ સાંભળી
કેટલાના ચહેરાઓ પર આનંદની લાગણીઓ દેખાય છે તેનાથી થાય છે.



પૈસા ઘર સુધી સાથે આવશે, સ્વજનો સ્મશાન સુધી સાથે આવશે
પણ તમારા કરેલા કર્મો તો તમારે ભવોભવ સુધી ભોગવવા જ પડે છે



VIPUL M DESAI - http://suratiundhiyu.wordpress.com/

મને જિંદગી વીશે ખાસ અનુભવ નથી,
સાંભળ્યું છે કે સાદાઈથી લોકો જીવવા નથી દેતા,
ભરેલા ખીસ્સાએ સ્વાર્થીઓની અને
ખાલી ખીસ્સાએ ખાનદાનીની ઓળખાણ કરાવી



VIPUL M DESAI - http://suratiundhiyu.wordpress.com/

# સદવિચારો એ સદાચાર માટેનું પ્રથમ પગથીયું છે



જ્યારે પૈસા કમાવવા લાગીએ છે ત્યારે ખબર પડે છે કે
શોખ તો માં-બાપના પૈસે પુરા થાય છે,
પોતાની કમાણીથી તો ફક્ત જરૂરીયાતો પૂરી થાય છે



VIPUL M DESAI - http://suratiundhiyu.wordpress.com/

દુનીયામાં બે વસ્તુઓ હંમેશા તૂટવા માટે જ બનેલી હોય છે.
"શ્વાસ અને સાથ". શ્વાસ તુટવાથી માણસ એકવાર જ મરે છે,
પરંતુ કોઈનો સાથ છૂટી જવાથી માણસ દરેક ક્ષણે ક્ષણે મરે છે



VIPUL M DESAI - http://suratiundhiyu.wordpress.com/

કોઈ પણ  જિંદગીભર સહારો નથી આપતું,
સ્મશાન યાત્રામાં પણ લોકો ખભા બદલે છે



VIPUL M DESAI - http://suratiundhiyu.wordpress.com/

માણસ સવાર-સાંજ કામ કરવાથી નથી થાકતો,
જેટલો તે ક્રોધ અને ચિંતાને કારણે થાકે છે



VIPUL M DESAI - http://suratiundhiyu.wordpress.com/

જરૂરત મુજબની જિંદગી જીવો, ખ્વાહીશો માફકની નહીં.
જરૂરત તો ફકીરોની પણ પૂરી થઇ જાય છે અને
ખ્વાઈશ તો રાજાઓની પણ અધૂરી રહી જાય છે



ઘડિયાળમાં બે કાંટા ભેગા થાય એટલે બાર વાગે.
કાંટા જેવા બે માણસ ભેગા થાય એટલે ત્રીજાના બાર વાગે..!!



VIPUL M DESAI - http://suratiundhiyu.wordpress.com/

# કામના અને કામ વાસના ખરાબ નથી તેનો અતિરેક ભયંકર છે



# મનની વિચાર દૃષ્ટિને પણ મોતિયો આવે છે ખરો !



વિજ્ઞાન કહે છે કે જીભ પર લાગેલો ઘા જલ્દીથી રૂઝાઈ જાય છે,
પણ જ્ઞાન કહે છે જીભથી લાગેલો ઘા કદી રૂઝાતો નથી



VIPUL M DESAI - http://suratiundhiyu.wordpress.com/

આજે માણસનું જીવન જટિલ બની ગયું છે.
જે રોટલા માટે તે આટલો સંઘર્ષ કરે છે
તે રોટલો તે સુખેથી ખાઈ નથી શકતો



ચંદન કરતાં વંદન વધુ શીતળ હોય છે,
યોગી કરતાં ઉપયોગી થવું વધુ સારું



VIPUL M DESAI - http://suratiundhiyu.wordpress.com/

પાણી વગર હોડી ચાલી ના શકે એ હકીકત છે,
પણ હોડીમાં પાણી આવી જાય ત્યારે પ્રોબ્લેમ થાય છે



જીવન માં ગમે તેટલા દુ:ખ આવે
તો પણ કોઇનો ઉપકાર ના લેતા,
કારણ કે દુ:ખ થોડા સમયનુ હોય છે
અને ઉપકાર જિંદગી ભરનો હોય છે



VIPUL M DESAI - http://suratiundhiyu.wordpress.com/